## જન્મદિને વધામણી



ગોસ્વામી સંજયભારતી શિવાભારતી (કથાકાર)
મો. ૮૧૪૧૨ ૧૭૦૫૦



સુરેશભાઈ મહેતા
પૂર્વ નગરસેવક
મો. ૯૮૨૫૪ ૩૮૪૬૫



મફતલાલ એસ પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૬૮૪૧૮



મણીબેન નારણભાઈ મહેરિયા
મો. ૯૭૩૭૭ ૭૪૪૫૪



બિપીનચંદ્ર સોમેશ્વર ઠાકર
ફોન : ૨૩૨ ૪૧૦૧૬

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ઈવેન્ટનું મેનેજમેન્ટ




ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓએ ઈવેન્ટ મેનેજમેન્ટ ની તાલીમ મેળવવા અનેક રાજ્યકક્ષાની તેમજ રાષ્ટ્રીય કક્ષા ની ઈવેન્ટનું સંચાલન કરવાનો મોકો મેળવેલ છે. જેમાં ગાંધીનગર આઈ. ટી. એક્સ્પો, ગુજકોસ્ટ, ઈન્ડિયન ડાયસ્પોરા, નોબેલ વિનર્સ સમીટ તેમજ કચ્છ રણઉત્સવ અને ગુજકોસ્ટ તેમજ સાયન્સ સીટી ખાતે આયોજિત અનેક કાર્યકર્મનું સફળતાપૂર્વક મેનેજમેન્ટ કાર્ય કર્યું હતું. આ જ કડીના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સંચાલિત ૨૫મા અધિવેશન કાર્યક્રમનું મેનેજમેન્ટ શહેરની નામાંકિત બીબીએ કોલેજના ૧૫ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ માટે અતિ મહત્વપૂર્ણ આ કાર્યક્રમમાં રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ વિભાગના રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમાર ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર ઈવેન્ટ મેનેજમેન્ટ બાબતે કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિના હેડ ડો.જયેશ તન્ના અને પ્રો.આશિષ ભુવાએ વિદ્યાર્થીઓ સાથે કાર્યક્રમ બાબતે કો-ઓર્ડીનેશન કરી સમગ્ર ઈવેન્ટને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા.

# ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાં વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવી



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓ માટે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે આયોજિત આ સ્પર્ધા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીને કારણે રોચક બની રહી હતી, જે બદલ આચાર્ય મીનાબેન ચૌધરીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઉષાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી અને હંસાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# આર જી પટેલ સ્કૂલ દ્વારા હરણ ઉદ્યાનમાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સૅકન્ડરી સ્કૂલ અને શ્રીમતી ઍસ બી પટેલ ગર્લ્સ હાયર સૅકન્ડરી સ્કૂલના ધોરણ-૧૧ ઍફ અને જીમાં અભ્યાસ કરતી ઈકો ક્લબની ૫૦ વિદ્યાર્થીનીઓ અને શિક્ષક પંકજકુમાર પી પટેલ અને અનિલભાઈ આર પટેલે હરણ ઉદ્યાનમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે ગીર ફાઉન્ડેશનના નિયામક આર ડી કંબોજ, ડેપ્યુટી ડિરેક્ટર એ કે પટેલ, વન વિભાગના બી સી મહેતા તથા સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને ૯૦ જેટલાં રોપાઓનું આરોપણ કર્યું હતું.

નિયામક દ્વારા વિદ્યાર્થીનીઓને ‘વૃક્ષોનું આપણા જીવનમાં મહત્ત્વ’ વિષયે વક્તવ્ય આપ્યું હતું. આચાર્ય સુધાબેન પી પટેલ, સુપરવાઈઝર ગિતેશભાઈ, ગીતાબેન, હંસાબેન તથા સમગ્ર શાળા પરિવારે ગીર ફાઉન્ડેશન અને વન વિભાગ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## નવગુજરાત કૉમર્સ કૉલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એપ્રિલ, ૨૦૧૭માં લેવાયેલી સેમેસ્ટર-૪ની પરીક્ષામાં નવગુજરાત કોમર્સ કોલેજ, ગાંધીનગરના વિદ્યાર્થી આશુતોષ મોદીએ ૮૩.૫૭ ટકા માર્ક્સ મેળવી યુનિવર્સિટીમાં ૧૧મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઉપરાંત નીરવ લખાની (૮૧.૨૯ ટકા), સપના પટણી (૭૮.૧૪ ટકા), ધૃવી ખીમસુર્યા (૭૮ ટકા) અને



તેજલ જોયા (૭૬.૨૯ ટકા)એ ફર્સ્ટ ક્લાસ સાથે ઉત્તીર્ણ થઈ કૉલેજનું ગૌરવ વધાર્યું છે. આ જવલંત સફળતા બદલ કૉલેજના આચાર્ય પરાગભાઈ પટેલે વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

### ૧થી ૧૫ ઓગસ્ટ દરમિયાન

# અમદાવાદ શહેરમાં વર્લ્ડ હેરિટેજ સિટી ફેસ્ટિવલ

ગાંધીનગર, તા. ૧૬

વર્લ્ડ હેરિટેજ સિટીનું ગૌરવવંતુ બિરૂદ મેળવનારા ઐતિહાસિક શહેર અમદાવાદમાં ૧લી ઓગસ્ટથી વર્લ્ડ હેરિટેજ સિટી ફેસ્ટીવલની ભવ્ય ઉજવણી કરવામાં આવશે અને તે અંતર્ગત શહેરમાં સાંસ્કૃતિ કાર્યક્રમો તથા સેમિનારો સહિત અનેક પ્રકારે કાર્યક્રમોમાં નાગરિકોને જોડવામાં આવશે.

વર્લ્ડ હેરિટેજ સિટીની ૧લી ઓગસ્ટથી ૧૫મી સુધી અનોખી ઉજવણી કરવા માટે મેયર ગૌતમ શાહે આજે વેપારીઓ-ઉદ્યોગપતિઓ, ઈતિહાસવિદો, પુરાતત્વ નિષ્ણાતો, અગ્રણી નાગરિકો, વિવિધ ધર્મનાં આગેવાનો સાથે બેઠક યોજી હતી. આ બેઠક અંગે મેયરે કહયું કે, શહેરને જે સન્માન મળ્યુ છે તેને ટકાવી રાખવાની જવાબદારી આપણા સૌની છે. તેથી તેની ઉજવણીમાં નાગરિકો જોડાય અને પ્રાચીન વારસાની જાળવણી પ્રત્યે સભાન બને તેવા કાર્યક્રમો યોજવા માટે દરેક પાસેથી સલાહ-સૂચન માંગવામાં આવ્યા હતા.

વર્લ્ડ હેરિટેજ સિટીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા રાજય સરકારે ૧લી ઓગસ્ટથી પખવાડિયા સુધી ઉજવવા સૂચના આપી છે. તેનાં ભાગરૂપે મુખ્યમંત્રી સહિતનાં મહાનુભાવો હેરિટેજ વોકમાં ભાગ લઈ ફેસ્ટીવલનો શુભારંભ કરાવશે. તેમજ સોવેનિયરનુ લોકાર્પણ કરવામાં આવશે. તદઉપરાંત એરપોર્ટ, રેલ્વે સહિત શહેરમાં પ્રવેશવાનાં માર્ગો અને શહેરભરમાં વર્લ્ડ હેરિટેજ સિટીમાં ભલે પધાર્યા જેવા હૉર્ડિંગ, કમાન અને બેનરો લગાવવામાં આવશે. રેડિયો,ટીવી, સોશ્યલ મિડીયાનાં માધ્યમથી હેરિટેજ સિટીનો પ્રચાર પ્રસાર કરવામાં આવશે અને શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલાં પ્રાચીન વારસાથી નાગરિકોને વાકેફ કરવા ટેબ્લો સાથેની મોબાઈલ એલઈડી વાન દરેક એરિયામાં ફરશે. જેમાં એક ટૂંકી ફિલ્મ પણ દર્શાવાશે.

# ગીતા એ આચરણનું વ્યાકરણ છે, જીવવાની જડીબુટ્ટી છે

**સંવેદના**
**મારું પ્રિય પુસ્તક**

મારું પ્રિય પુસ્તક છે : સમજણ એકબીજાની, જેનાં લેખક છે કાજલ ઓઝા વૈદ્ય.

સમજણ હંમેશાં એકબીજાની જ હોઈ શકે. હું મારી સમજણ પ્રમાણે જીવું અને સામેની વ્યક્તિ એની સમજણ પ્રમાણે જીવે તો સંવાદ શક્ય જ ન બને. પુલ બનાવવા માટે બંને તરફનું જોડાણ કરવું પડે.

સ્ત્રી હંમેશાં સુંદરતાનું પ્રતીક રહી છે. ચંદ્રકાન્ત બક્ષીએ પોતાના એક પુસ્તકમાં લખ્યું છે : એક ટેબલના, એક ઝાડના, એક ફૂલના કેટલા ફોટા જોઈ શકાય? એક સ્ત્રીના ગમે તેટલા ફોટા જોતાં આંખ કે મગજ થાકતાં નથી! મારા પ્રિય પુસ્તકે મને ઘણી વાતોએ વિચાર કરતી મૂકી છે :

**વધુ પડતા સારા બનવું ખોટું છે ?**

ઘરના વડીલની ફરજ છે કે ફક્ત માફ કરવાને બદલે સમયાંતરે જે ખોટું થઈ રહ્યું હોય તે તરફ ધ્યાન દોરે અને તેને સુધારવાનો પ્રયત્ન કરે. ફક્ત સહનશીલતાથી કુટુંબ સાથે રહી શકાતું નથી.

**મનગમતા નામને ઉંમર ન હોય. એ તો ગમે ત્યારે હાથ પર લખાય.**

સમજદારી, પરસ્પર વિશ્વાસ અને એકબીજા પરત્વેની કાળજી અને સન્માન જ કોઈપણ સંબંધને ટકાવી રાખવાના પાયા છે. આ સત્ય સમજી લેવામાં આવે તો જ એ સંબંધ સ્નેહ અને સુખથી છલકાઈ શકે.

**હાથમાં સુખની રેખા જાતે દોરાતી નથી**

હાથમાંથી હાથ છૂટી ગયા પછી આપણી હસ્તરેખાનો ખાલીપો સમજાય છે ત્યારે અફસોસ સિવાય કશું જ શેષ બચતું નથી.

**પ્રેમ એટલે**

પ્રેમ એટલે આપણા વ્યક્તિત્વનો એક અભિન્ન હિસ્સો, જેને ખૂટી પડવાનો ભય રાખ્યા સિવાય વહેંચી શકાય છે. છતાં કોઈપણ કિંમતે વહેંચી ના શકાય તેટલી મૂલ્યવાન એ જણસ છે. પ્રેમ જિંદગીનો એક અગત્યનો હિસ્સો છે, પણ પ્રેમ જિંદગીથી વધુ અગત્યનો નથી.

**ગુજરાતી સ્ત્રીનું યોગદાન**

સ્ત્રીની ફરજોમાં ભોજયેષુ માતા અને શયનેશુ રંભા આવે છે કે નહીં એ બધા ચર્ચા માગી લેતા વિષયો છે. પરંતુ ગુજરાતી સ્ત્રીનું યોગદાન જો અગત્યનું હોય તો એટલું છે કે એણે હજુ સુધી સારી મા બનવાનું અને સારા નાગરિક ઉછેરવાનું છોડ્યું નથી.

**પરિવારમાં પપ્પા**

ઈતિહાસ લખવાનું કામ ઘણા કરી શકે પરંતુ ઈતિહાસનું સર્જન કરવાનું કામ જે કરી શકે એને સફળ પિતા કહી શકાય.

જેવી સ્મૃતિ ફિક્સ ડિપોઝીટમાં રાખશો તેવું જ વ્યાજ અંતે તમારા ખાતામાં જમા થશે

જ્યારે નૅગેટિવ સ્મૃતિનું ભારણ વધી જાય ત્યારે વિસ્મૃતિ વરદાન બની શકે એવું નથી લાગતું?

**- લતા નિકુંજ શુક્લ**

‘હે કૃષ્ણ ! યુદ્ધ કરવા ઈચ્છતા આ સ્વજનોને સામે ઊભેલા જોઈ મારાં ગાત્રો ઢીલાં થાય છે, મુખ સુકાય છે, શરીરમાં કંપ તથા રોમાંચ થાય છે, હાથમાંથી ગાંડીવ સરી પડે છે, ચામડી બળે છે. ઊભો રહેવા હું સમર્થ નથી ને મારું મન જાણે ભમે છે.’ શૂરવીર, મહાવીર, રાજવીર, શ્રેષ્ઠ બાણવીર ખુદ અર્જુન મહાભારતના યુદ્ધમાં આ બોલે છે ત્યારે સંવેદનાની પરાકાષ્ટા શ્રીમદ ભગવદ ગીતા વાંચતી વખતે મને હચમચાવી દે છે. એ વખતે શરીરનાં રોમેરોમ ખડાં થઈ જાય છે.

યુદ્ધ કરવાનો લલકાર, પડકાર થાય, યુદ્ધના મેદાનમાં ઉપદેશ થાય અને એ હિન્દુ ધર્મનો ધર્મગ્રંથ થાય એવી સમગ્ર વિશ્વની કદાચ આ સૌપ્રથમ ઘટના છે. ગીતા માત્ર મારું પ્રિય પુસ્તક નથી. જેણે જેણે એ વાંચ્યું છે એ બધાનું એ પ્રિય પુસ્તક બની ગયું છે. જિંદગી જીવવા માટેનો રાહ મને આ પુસ્તકે આપ્યો છે. દુખમાં મને માર્ગદર્શન મળ્યું છે. જ્યારે જ્યારે મને મુશ્કેલી પડી છે ત્યારે ત્યારે હું ગીતામાતાને શરણે ગયો છું એવી કબૂલાત ખુદ ગાંધીજીએ કરી છે. એ પ્રસ્થાનત્રયી પણ છે.

યુદ્ધ, શાંતિ, જન્મ, મૃત્યુ, કર્મ, અકર્મ, યોગ, જ્ઞાન, ભક્તિ, ધર્મ, અધર્મ, પાપ, પુણ્ય, મોક્ષ, દાન, તપ, જપ, સુર-અસુર, દયા, ક્રોધ, સત્ય, અસત્ય, શ્રદ્ધા... દરેક મનુષ્યને સ્પર્શતા આવા કુલ ૨૬૯ વિષયોની છણાવટ ખુદ શ્રીકૃષ્ણ ભગવાન કરે છે ત્યારે હૃદય જે સંવેદનાનો અનુભવ કરે છે તે મૂંગાના ગોળ જેવો છે, જેને શબ્દો પણ ટૂંકા પડે છે. ગીતામાં ૯૪૧૧ શબ્દો અને ૨૪૪૪૭ અક્ષરો છે.

ગીતા હિન્દુ ધર્મગ્રંથ હોવા છતાં ૭૦૦ શ્લોકોમાં એકપણ વાર હિન્દુ શબ્દ આવતો નથી, માટે જ એ વૈશ્વિક ગ્રંથ બની ગયો છે. વિશ્વની બધી ભાષામાં તેનો અનુવાદ થયો છે. માત્ર ગીતા વિશે જ ગુજરાતી ભાષામાં ૨૫૦ કરતાં વધુ પુસ્તકો ઉપલબ્ધ છે. અને ગીતા એ એકમાત્ર એવું પુસ્તક છે, જેના માટે ગીતાજયંતિ ૫૧૧૯ વર્ષોથી ઉજવાય છે. તેની ઘેર-ઘેર પૂજા થાય છે અને અદાલતો દ્વારા પણ તેને માન્યતા મળી છે.

ગીતામાં અનાસક્તિ પ્રધાન સૂર છે. મેં વારંવાર આ પુસ્તક વાંચ્યું છે અને મને તે એટલું પ્રિય છે કે મારી અંગત લાયબ્રેરીમાં ગીતા વિશેનાં પચાસ પુસ્તકો છે. ગીતા એ આચરણનું વ્યાકરણ છે, જીવવાની જડીબુટ્ટી છે. સ્વયં ભગવાનના મુખેથી તે ઉચ્ચારણ પામી છે. ભગવદ્ગીતાને મારા વંદન.

**- પી એમ પરમાર**

ઝવેરચંદ મેઘાણી લિખિત ‘સિંધુડો’ અને સૌરાષ્ટ્રની રસધાર એ મારાં પ્રિય પુસ્તકો છે. તેમની વાર્તાઓમાં સૌરાષ્ટ્ર અને કચ્છના કાઠી દરબારોની શૂરવીરતા પ્રગટ થતી જોવા મળે છે. બહારવટે ચડેલા લોકોમાં બેન-દીકરીઓ પ્રત્યેની દયાભાવના પણ જાગ્રત થતી જોવા મળે છે.

ખાસ કરીને તેમનાં કાવ્યોમાં છેલ્લે કટોરો, રક્ત ટપકતી સો સો ઝોળી, સૂના સમદરની પાળે જેવાં કાવ્યો મસાણે સૂતેલાં મડદાંને પણ ઊભાં કરી દે તેવા ભાવ વ્યક્ત કરે છે. કસૂંબીનો રંગ, શિવાજીનું હાલરડું અને ચારણ કન્યા જેવાં કાવ્યો શૂરવીરતા પ્રગટાવે છે.

મેઘાણીએ હાલરડાં, શૌર્યગીતો, રઢિયાળીરાત અને મરશિયાં સુધીનાં ગીતોની રચના કરીને ગુજરાતને જ નહિ પણ સારાય ભારતવર્ષને ધન્ય કરી દીધું છે.

મેઘાણીનો પાઘડીબંધ, હસમુખો ચહેરો જાણે હમણાં જ હોંકારો દેશે તેવી મુખમુદ્રા અને તેમનો બૂલંદ અવાજ હજુ પણ કાનમાં ગૂંજ્યા કરે છે. એવા રાષ્ટ્રીય શાયર કવિ મેઘાણીને કોટિ-કોટિ વંદન.

**- કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**

૧૯૬૩માં સ્વામી વિવેકાનંદ દ્વારા લખાયેલું અને સ્વામી આત્મસ્થાનંદ દ્વારા પ્રકાશિત થયેલું પુસ્તક ‘જ્ઞાનયોગ’.

આ પુસ્તકની પૂર્વભૂમિકા લેખકે સરસ રીતે બાંધી છે. વિષય પ્રવેશ તાર્કિક રીતે કરેલો છે.

શરૂઆતમાં સ્તર સરળ રાખ્યું છે. સામાન્ય માનવી સમજી શકે તે રીતે વિષયની ચર્ચા અને પસંદગી થઈ છે અથવા તો આપમેળે જ પુસ્તકની વાર્તા તે રીતે આગળ વધે છે. અંતમાં ઊંડાણપૂર્વક માનવીય અંતરમનને સ્પર્શતી વાતો કરી છે.

આ એક અતિ ઉમદા, ઉત્કૃષ્ટ, પવિત્ર અને ઉચ્ચ કોટિનું પુસ્તક છે. સ્વામી વિવેકાનંદ શું હતા, કેટલા મહાન હતા તેનું ઉદાહરણ આ પુસ્તક પૂરું પાડે છે. પુસ્તકના સારના એક ભાગરૂપે લેખક કહે છે કે, હે ઈશ્વર ! તું પુરુષ છે, તું સ્ત્રી છે, તું જ યુવાનીના મદમાં ચાલતો યુવાન છે. લાકડીના ટેકે ડગલાં ભરતો ડોસો તું જ છે. દરેક વસ્તુમાં તું છે, સર્વ કંઈ તું છે.

આપણે આવીએ છીએ ઈશ્વરમાંથી, રહીએ છીએ ઈશ્વરમાં અને આપણે અંતે પાછા જઈએ છીએ તે પણ ઈશ્વરમાં.


આ પુસ્તકને, લેખકને અને ભારતીય સંસ્કૃતિને કોટિ-કોટિ વંદન.

**- કે એસ ત્રિવેદી**
**સેક્ટર-૧ બી**










## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જગ્ગા જાસૂસ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
વૉર ફૉર ધી પ્લેનેટ ઑફ ધી ઍપ્સ
(૩ડી, અંગ્રેજી)
૧૨.૧૫, ૭.૪૫
વૉર ફૉર ધી પ્લેનેટ ઑફ ધી ઍપ્સ
(૩ડી, હિન્દી)
૨.૪૫
સ્પાઈડરમૅન
(૩ડી, અંગ્રેજી)
૫.૧૫
સ્પાઈડરમૅન
(૩ડી, હિન્દી)
૧૦.૧૫

**સ્ક્રીન-૪**
કૅશ ઑન ડિલીવરી
૧૨.૩૦, ૬.૩૦, ૯.૩૦
ગેસ્ટ ઈન લંડન
૩.૪૫

**સ્ક્રીન-૫**
જગ્ગા જાસૂસ
સવારે ૧૦.૦૦
મૉમ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ગેસ્ટ ઈન લંડન
૭.૦૦

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭ વિમ્બલ્ડન ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધા કઈ મહિલા ખેલાડીએ જીતી?
(એ) વિનસ વિલિયમ્સ
**(બી) ગાર્બાઇન મુગુરુઝા**
(સી) સ્ટેફી ગ્રાફ
(ડી) સેરેના વિલિયમ્સ

(૨) ૨૦૧૭ વિમ્બલ્ડન ગ્રાન્ડ સ્લેમ મહિલા ટાઈટલ જીતનાર ગાર્બાઈન મુગુરુઝા કયા દેશની ખેલાડી છે?
(એ) રશિયા
(બી) જાકાર્તા
(સી) અમેરિકા
**(ડી) સ્પેન**

(૩) ૨૦૧૭ વિમ્બલ્ડન મહિલા ગ્રાન્ડ સ્લેમ જીતનાર ગાર્બાઈન મુગુરુઝાએ કઈ ખેલાડીને ફાઈનલમાં હાર આપી છે?
(એ) મારિયા શારાપોવા
(બી) એકરીના ટ્રીપન
**(સી) વિનસ વિલિયમ્સ**
(ડી) મેરીન પી લેન

(૪) ૨૦૧૭માં ગુજરાત સરકારે ‘નર્મદે સર્વ દે’ મહોત્સવ યાત્રાની શરૂઆત કઈ તારીખથી કરવાની જાહેરાત કરી છે?
**(એ) ૨૭ જુલાઈ**
(બી) ૨૮ જુલાઈ
(સી) ૨૯ જુલાઈ
(ડી) ૩૦ જુલાઈ

(૫) વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આગામી ૧૨મી ઓગષ્ટે સંપન્ન થનાર નર્મદા મહોત્સવની ઉજવણી કયા સ્થળે થશે?
(એ) સાધુ બેટ
(બી) રાજપીપળા
**(સી) ડભોઈ**
(ડી) ગરૂડેશ્વર

(૬) ૨૦૧૭માં આયોજિત પ્રો કબડ્ડીની પાંચમી સીઝનમાં ગુજરાતમાંથી કઈ ટીમ ભાગ લઈ રહી છે?
(એ) ગુર્જર લાયન
**(બી) ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટ**
(સી) ગુજરાત ફાસ્ટર
(ડી) ગુર્જર ફોર્ચ્યુન ટીમ

(૭) ૨૦૧૭ પ્રો કબડ્ડીની સીઝન-૫માં રમનારી ગુજરાતની ટીમ ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટનું થીમ સોંગ શું છે?
(એ) મોરી મોરી ગુજરાત
(બી) થનગનાટ ગુજરાતનો
**(સી) ગરજેગા ગુજરાત**
(ડી) ગુર્જર ગુજરાત

(૮) મેક ઈન ઈન્ડિયા અભિયાન અંતર્ગત દેશની પહેલી સોલાર ટ્રેન કયા સ્ટેશનથી શરૂ કરવામાં આવી છે?
**(એ) સફદરગંજ**
(બી) રોહિલા સ્ટેશન
(સી) નવી દિલ્હી
(ડી) પહાડગંજ સ્ટેશન

(૯) ભારતમાં જીએસટી લાગુ થતાં કેટલા રાજ્યોમાંથી ચૅક પોસ્ટ નાબૂદ કરવામાં આવી છે?
(એ) ૨૧
**(બી) ૨૨**
(સી) ૨૩
(ડી) ૨૪

(૧૦) તાજેતરમાં ઉત્તરાખંડના હરિદ્વારથી ઉત્તર પ્રદેશના ઉન્નાવ વચ્ચે ગંગા નદી કિનારાના કેટલા મીટર વિસ્તારને ‘નો ડેવલપમેન્ટ ઝોન’ જાહેર કરવામાં આવ્યો છે?
**(એ) ૧૦૦ મીટર**
(બી) ૨૦૦ મીટર
(સી) ૩૦૦ મીટર
(ડી) ૪૦૦ મીટર